

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,

અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ, ૨૭ જાન્યુઆરી ૨૦૧૮

(ગતાંકથી આગળ...)

**ઘણા** દુઃખી લોકો જ્યારે એકવખત દુઃખ થાય ત્યારે તો દુઃખ થાય, મને-તમને-સૌનેય થાય, પણ પછી એમને દુઃખ વાગોળવાની મજા આવે. વારંવાર એ દુઃખને સંભારે, જેના માધ્યમથી દુઃખ પહોંચ્યું હતું એ દુઃખદ પ્રસંગને સંભારે, લાગણીઓને ધક્કો લાગ્યો હતો તેને વારેવારે સંભાર્યા કરે અને વારેવારે દુઃખી થયા કરે. હવે આપણે એને ગમે તે દવા આપીએ કે કોઈ પણ ડૉક્ટર પાસે લઈ જઈએ પણ એ દુઃખની દવા કેવી રીતે મળે ? એટલે જેનાથી સુખ પ્રાપ્ત થાય છે તેને સંભારવાને બદલે, જેનાથી દુઃખ થયું તેને સંભારવાનો રસ્તો આપણે લીધો એટલે આપણે એકડો જ ખોટો માંડ્યો, તો પછી સુખ ક્યાંથી પ્રાપ્ત થાય ? સુખના દાતા ભગવાનને આપણે કીધા તો ખરા, પણ એમને વારંવાર સંભારવાને બદલે, પેલી વ્યક્તિ કે જેણે આપણું અપમાન કર્યું, જેણે આપણને દુઃખ પહોંચાડ્યું, એને જ વારેવારે સંભાર્યા કરીએ તો અંતે દુઃખની સ્મૃતિ કરવાની ટેવ પડી જાય છે. મોજમાં રહેવું હોય તો સુખની સ્મૃતિ કરવાની.

*જેમ કમળપત્ર પાણીના આધારે હોવા છતાંય પાણીથી ભીનું નથી થતું એમ, જે સાધક, પરમાત્માને આધારે સંગ ત્યજીને કર્મો કરે છે તે પાપથી લેપાતો નથી.* કમળપત્ર પાણીની સંગતમાં છે, તે પાણી ઉપર જ ખીલે છે. પુષ્પ પણ ખીલે છે અને પાંદડાં પણ વિસ્તરે છે. એને ઊગવા માટે કાદવ જોઈએ, પોષણ માટે પાણી જોઈએ અને ત્રીજું - તેનું જીવન તે પ્રકાશ છે, પ્રકાશ જોઈએ. આ ધરતી પર આ જ લોકમાં-ભૂલોકમાં મનુષ્યશરીર સાથે આપણે જીવવાનું છે, પછી ગંદકીની ફરિયાદો કર્યા કરીએ, પાડોશીની ફરિયાદો કર્યા કરીએ, પરિવારજનોની ફરિયાદો કર્યા કરીએ ; પણ ભાઈ ! ત્યાં તો તારાં મૂળિયાં છે, ત્યાં જ તારો જન્મ થયો છે તો હવે ફરિયાદ કરવાની નથી, એમાંથી પોષણ લેવાની કળા શીખી જા. કાદવમાં રોપેલી કમળની ગાંઠ, એ કાદવમાંથી જ પોષણ લઈને પોતાની જીવનવૃદ્ધિ કરે છે. એક પાન, બે પાન, પાંચ પાન ને પછી ઋતુ આવે એટલે એમાંથી દાંડી નીકળીને કમળ ખીલે ત્યાં સુધીનો તેનો વિકાસક્રમ છે. ગંદકીમાંથી ખોરાક લઈને ખીલેલું એ પાંદડું, ગંદકીનો સંપર્ક હોવા છતાંય પણ તેનામાં કશોય ગંદકીનો સ્વભાવ આવ્યો નથી; સમજવા જેવી વાત આ છે. આપણું જીવન પણ આવું જ છે. આ જ ભવસાગરમાં રહીને - જેને તમે સમાજજીવનની ગંદકી કહો છો તેની વચ્ચે રહીને તમે જો ઇચ્છો અને સૂર્યમુખી-ગુરુમુખી-પ્રભુમુખી બનો તો તમારું જીવન ઊર્ધ્વ બની શકે છે, કાદવથી, ગંદકીથી ઉપર ઊઠીને પ્રભુપ્રીત્યર્થે જીવન વ્યતીત કરી શકાય છે.

આ સંદેશો કર્મ સંન્યાસ યોગમાં ભગવાન અર્જુનને આપે છે અને એમ કહે છે કે, *'નિષ્કામ કર્મયોગી કેવળ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને શરીર વડે જ ફળ-સંગ ત્યજીને અંતઃકરણની શુદ્ધિ માટે કર્મો કરે છે.'* કર્મયોગીઓએ અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરવાનું છે. કોઈ પણ વ્યક્તિ કર્મ કર્યા વગર એક ક્ષણ પણ રહી શકતી નથી. આસક્તિ વગરનું કર્મ કરવાની વાત સમજાવતાં પહેલાં મારે પોતાની શુદ્ધિકરણ માટે કર્મ કરવાનું છે એ વાત પણ ભગવાન અહીંયાં અર્જુનને સમજાવે છે અને સમજાવી, પટાવીને શુભ કર્મોમાં એને જોડવા માટે પ્રેરણા આપે છે.

ગઈ કાલે વાત કરી હતી કે, માની લીધેલાં સત્યો અને લોકોએ કીધેલાં અસત્યોથી સત્યનું મોઢું ઢંકાઈ જાય છે. એ વાત ભગવાન અર્જુનને આજે બીજી રીતે કહે છે કે, *ભૂતપ્રાણીઓ માટે જગતનો પ્રભુ નથી કરવાપણું રચતો કે નથી કર્મો રચતો, કે નથી વળી કર્મફળનો સંયોગ કરાવતો. કિંતુ આ બધું પ્રકૃતિ જ કરે છે. પ્રભુ નથી કોઈનાં પાપ ઓઢતો કે નથી ઓઢતો કોઈનાં શુભ*

*કર્મો*. અહીંયાં મંદિરમાં આવીને આપણે જે કંઈ કહેવું હોય તે કહી જઈએ છીએ, તો સાંજ પડે તો કેટલો ભાર ભગવાનના માથા પર આવી જાય ? એટલે ભગવાન કહે છે કે, હું કોઈનાં પાપ ઓઢતો નથી અને કોઈનાં શુભ કર્મોને પણ ઓઢતો નથી. ઓઢવું એટલે પોતાની ઉપર લેવું - સ્વીકારવું.

*અજ્ઞાનથી જ્ઞાન ઢંકાઈ જાય છે. તેથી જંતુ જેવા બુદ્ધિહીન માનવીઓ મોહિત થાય છે*. આપણા માટેનાં વિશેષણો વપરાયાં છે - જંતુ જેવા, બુદ્ધિહીન. કોઈ માને છે પોતાની જાતને ? જંતુ જેવા બુદ્ધિહીન માનવીઓ મોહિત થાય છે તેનો અર્થ એવો થયો કે, જે મોહને પામ્યા છે તે બધા જંતુ જેવા અને બુદ્ધિહીન છે.

જેણે શરીર ધારણ કર્યું છે એવા મનુષ્યના ચાર વિભાગ સ્વામિનારાયણ ભગવાને પાડ્યા છે : પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત. જેમ ગઈ કાલે નવ મિશ્રણ સમજાવ્યાં હતાં, તે નવ મિશ્રણ સહિત જે માનવ ધોકડું આપ્યું છે તેની પણ સ્પિરિચ્યુઅલ લૅવલની કક્ષાઓ છે. અને લખચોરાશીમાં ફરતાં ફરતાં ગયા જન્મોમાં જે કર્મો કર્યાં છે, એનો જે વિપાક આ જન્મે મળી રહ્યો છે તે બધાંનો સરવાળો કરીને ભગવાન સ્વામિનારાયણે ચાર પ્રકારનું વર્ગીકરણ કર્યું છે. એક પામર - એટલે તુચ્છ જંતુ જેવા. પામર એટલે સાવ નીચી કોટિના-હલકી કોટિના. નીચી કોટિના એટલે જ્ઞાતિથી-જાતિથી નહિ, પણ સ્વભાવ-પ્રકૃતિથી. અને પૂર્વજન્મનાં દુષ્કૃત્યો-સુકૃત્યો જે કંઈ લઈને આવ્યા છે તે પામર જેવા જીવ છે. એમનું જીવન પણ ટૂંકું છે અને એમની જરૂરિયાત પણ ઓછી છે. એ થોડામાં રાજી થઈ જાય છે, થોડામાં નાખુશ થઈ જાય છે અને અલ્પ જીવન જીવીને એ વિસર્જિત થઈને ફરી પાછા લખચોરાશીમાં ભમે છે. જેને આપણે જંતુઓ કહીએ એમનું જીવન કેટલું ? કેટલા કલાકનું ? કેટલા દિવસનું ? અને એમની જરૂરિયાતો કેટલી ? એમ મનુષ્ય શરીરમાં રહેલા પામર જીવો પણ એ થોડાકના ઘરાક છે. એનાથી આગળ વિષયી. પંચવિષય-પાંચ ઈન્દ્રિયોના માધ્યમ દ્વારા એનું સુખ ભોગવવાની જેને સતત ઈચ્છા રહ્યા કરે છે એ વિષયી છે. વિષયભોગમાં ગઈ કાલે ગુણના જે ભાવ કહ્યા હતા - એ તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણ પણ સાથે ભળે છે. અને એ પ્રમાણે સુધરેલા લોકો સુધરેલી પદ્ધતિ પ્રમાણે અને અભણ ને ગામડિયા લોકો એમની પદ્ધતિ પ્રમાણે પણ પંચઈન્દ્રિયોના માધ્યમ દ્વારા પંચવિષયનું સુખ ભોગવવા માટે જ દિન-રાત કર્મો કરે છે. એમનો હેતુ એક જ છે - પાંચેય ઈન્દ્રિયોની ભૂખને સંતોષવી. અને એ ભૂખને સંતોષવા માટે જે કર્મ કરવું તે ઈન્દ્રિયોના લાલન-પાલન માટે કરવામાં આવતું કર્મ છે ને તે કર્મ બાંધે છે ને ફરીફરીને જન્મ લેવડાવે છે.

એનાથી આગળ મુમુક્ષુ. મોક્ષની ઈચ્છાવાળો આ જીવ છે તેને એમ થાય છે કે, આ બધી કોટિઓમાંથી તો આપણે અનેક જન્મો પસાર કરતા આવ્યા, હવે એ ગંદકીમાં પાછા જવું નથી; એનાથી ઉપર કંઈ હોય તો કહો. મોક્ષની ઈચ્છાવાળો હોય એ મુમુક્ષુ કહેવાય. ભગવાનની કૃપા થાય, માતા-પિતાના રૂડા સંસ્કાર હોય, પૂર્વ જન્મનાં સુકૃત ભેગાં થયાં હોય અને સદ્ગુરુ સંતનું શરણું લે તો એ મોક્ષગતિના માર્ગે પડે છે. 'ફરીથી આવવું પડતું નથી' એવું ભગવાને જે કહ્યું તે તો જ્યારે તેવી સ્થિતિ થાય ત્યારે ફરીથી આવવું પડતું નથી. પણ તોય સકામ ભક્તિમાં ઘણા બધા મનોરથો એવા બાકી રહી ગયા હોય કે એ પૂરું કરવા માટે ભગવાન ફરીથી શરીર આપે છે. અને કહે કે, 'જાવ પાછું આ પૂરું કરી આવો. આટલો મનોરથ બાકી રહી ગયો હતો, આટલી ઈચ્છા બાકી રહી ગઈ હતી, આટલું કામ કરવાનું બાકી રહી ગયું હતું.' આપણને બધાને એ જે બાકી રહી ગયેલું, એ આ જન્મે પૂરું કરવા માટે ફરીથી મનુષ્યનું શરીર પ્રભુએ આપ્યું છે. અને એટલે તમે જોજો, આપણે જે કરી ચૂક્યા હોઈએ તે કરવાનું આપણને મન નથી થતું, પણ જે કરવાનું બાકી રહી ગયું હોય તે કરવાનું મન થાય છે. અને એ મન જેની સાથે જોડાણું તે પ્રમાણે આપણાં કર્મ થાય છે.

ભગવાનની ભક્તિ કરતાં કરતાં, ભગવાનને વિષે જોડાતાં જોડાતાં હજી આપણે કર્મ સાથે જોડાયેલાં છીએ, એટલે 'હું કરું છું' એ ભાવ સાથે જોડાયેલા છીએ, એટલે કશુંક કરવાનું બાકી રહી ગયું એમ પણ રહે છે; અને એટલે ભગવાન તક આપે છે. અને ભગવાન પણ કેવા દયાળુ છે ! કે એવા પરિવારમાં, એવા વાતાવરણમાં જન્મ આપે છે કે જેથી તમને બાકી રહેલું કામ - બાકી રહેલી પ્રભુભક્તિ કરવાની સાનુકૂળતા ને સરળતા મળી રહે. એવા ભાગ્યશાળી આપણે છીએ એટલું મનાય તે ઘણું છે. ધન્ય છે કે, મને એવાં સંસ્કારી મા-બાપને ત્યાં જન્મ મળ્યો ! ધન્ય છે કે, મારી પાંચેય ઈન્દ્રિયો બધી સંપૂર્ણપણે મળી, શરીર એવું સુંદર મળ્યું, તંદુરસ્તી મળી, સાનુકૂળતા મળી, માતા-પિતાએ રૂડા સંસ્કાર આપ્યા, સારું શિક્ષણ આપ્યું, રોટલો કમાવાની વિદ્યા શિખવાડી, ધન્ય થયો ! ધન્ય થયો ! પણ હવે જે કરવા માટે આવ્યો છું તે કરવાનો પણ સમય પાક્યો છે. ૬૦-૬૨-૬૫ વર્ષ સુધી નોકરી કરી, પણ ત્યાં સુધીમાં જે કરવા માટે તને મોકલ્યો છે તે કરવાનું તો હજી બાકી જ રહ્યું છે. ને તે જો બાકી રહેશે તો ફરી પાછા પ્રભુ નવું શરીર આપશે.

આપણે બધા મુમુક્ષુજન છીએ - મોક્ષની ઈચ્છાવાળા છીએ. ગુરુના-પ્રભુના શરણમાં બેસીને ભગવાનની વાર્તા કરીએ છીએ, સાંભળીએ છીએ તે એમ ને એમ નથી થતું. કેટલી બધી વસ્તી ! એમાંથી કથામાં કેટલા આવીને બેસે ? જે આવીને બેઠા છે તે મુમુક્ષુ ભાગ્યશાળી મુક્તો છે ! મારી કથામાં આવ્યા છો એટલે તમારાં વખાણ નથી કરતો, પણ આ મોકો સૌનેય સુલભ છે તોય બધા લઈ શકતા નથી કારણ કે, એ પામર અને વિષયી જીવો છે. વિષય કમાવા માટે રાત-દિવસ આંધળા થઈને દોડે રાખે છે. તો જાગો, જે જાગ્યો છે તે પામે છે. જો જાગત હૈ વો પાવત હૈ, તે ચાલવા માંડ્યો છે. આજથી હવે ગાંઠ વાળીને એ પ્રાપ્તિના લક્ષ્ય તરફ આગળ વધે છે.

ચાર પ્રકારના મનુષ્યોમાં ચોથો જે છે તે જીવનમુક્ત છે. ભગવાનનો મોકલેલો મુક્ત છે. પોતાની વાસનાઓ, પોતાની ઈચ્છાઓ પૂરી કરવા માટે મનુષ્ય શરીર ધરીને આવ્યો નથી, પણ ભગવાને પોતાનું કામ કરાવવા માટે પૃથ્વીલોક પર એને શરીરનું માધ્યમ આપ્યું છે કે, જાવ ! અને મારું કામ કરો, અંધકારમાં અને ગંદકીમાં ડૂબેલા ને ફસાયેલા લોકોને મોક્ષનો માર્ગ બતાવો, ઉદ્ધાર કરો. એટલે એવા જે સંતો-મહંતો, પુનિત આત્માઓ આવે છે તે માત્ર ને માત્ર પોતે પ્રભુભક્તિ કરવા માટે અને એમના સંબંધ-સંપર્કમાં જે આવે તેમને પ્રભુની સાથે જોડવા માટે જ એમનું શરીર હોય છે. એમની ક્રિયાઓ આપણી માફક વિષયપોષણ માટેની હોતી નથી. આટલી પણ જો ગેડ પડે તો આપણે મોટા પુરુષમાં મનુષ્યભાવ નહિ લાવીએ.

હવે પામર જેવો જીવ હોય અને પછી ભગવાનના આવા અનાદિ મુક્તની ક્રિયા જોઈને, પોતાની સમજણ પ્રમાણેની વ્યાખ્યા કરીને મૂલ્યાંકન કરે, અભિપ્રાય આપે તો એની અધોગતિ ના થાય તો બીજું શું થાય ? ઊર્ધ્વગતિ કરવી હોય તો, આગળ અધ્યાય આવશે તેમાં ભગવાન કહે છે કે, 'આ સંસારમાં જે શુભ છે અને શ્રેષ્ઠ છે તે હું છું.' અને પછી ભગવાન ક્યાં ક્યાં હું છું તે જણાવે છે, સમજાવે છે. આ વાત બહુ નજીકમાં આવશે, પણ હું તેને આની સાથે સાંકળી લઉં છું કે, ગુણ લેવો અને મહિમા સમજવો એ જે આપણો પાયો છે, તે ભલે પામર હોય, વિષયી હોય, મુમુક્ષુ હોય; પણ જીવનમુક્ત બનવા માટેની સાદી સીધી આ એક જ દવા છે. આ દવા જે પીશે તે બધાનો રોગ ટળશે. બસ ગુણ લેવો ને મહિમા સમજવો, બીજું કાંઈ નહિ. ગુણ લેવો ને મહિમા સમજવો એટલે ગુરુમુખી બનવું-પ્રભુમુખી બનવું અને પ્રકાશની દિશા તરફ જ સતત જોતા રહેવું તો કમળની માફક જળકમળવત્ સંસાર થઈ જશે, ક્યારે સંસાર મટી જશે તેની ખબર પણ નહિ પડે.

ગઈ કાલે અમારે એક મુક્તરાજની સ્મૃતિ થઈ હતી. અમારા બ્રહ્મજ્યોતિમાં જ એમનો નિવાસ. એવા એક પુરુષોત્તમદાસ કાછિયા પટેલ. શાકભાજીનો એમનો વેપાર. શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજના પરમ કૃપાળુ ભક્ત અને પછી દાદુકાકા, પપ્પાજીના સંગમાં આવીને આપણા ગુણાતીત મંડળમાં ભક્ત થયા, જોડાયા. તેઓ શાકભાજીનો વેપાર કરતા હતા. પણ એમને એક આદત એવી કે ખાખી બીડી પીવા જોઈએ. આમ સ્વામિનારાયણના ભગત. રસ્તે ચાલતો માણસ કંઈ કહે તો દોડીને એનું કામ કરે એવી પ્રકૃતિનો માણસ. પણ એક બીડી એવી વળગેલી કે યોગીબાપાએ અનેક વખત એમને પાણી આપીને સંકલ્પ કરાવેલો કે, 'બોલો, આજથી બીડી મૂકી, હવે નહિ પીઉં.' 'હા બાપા ! નહિ પીઉં.' અને એ ગુરુ-શિષ્યનો સંબંધ એવો કે, પછી યોગીબાપા સભામાં દાસ બેઠા હોય એટલે પૂછે કે,' દાસ કેવું ? આપણી મિલ ચાલુ ?' તો પેલા બે હાથ જોડીને કહે, 'હા બાપા, મિલ ચાલુ, બીડી પિવાઈ ગઈ.' બાપા કહે, 'કંઈ વાંધો નહિ, ફરી જળ લો.' યોગીબાપા બિલકુલ આળસે નહિ કે તને કેટલી વખત કહ્યું ! સહેજેય કંટાળો નહિ, સહેજેય તિરસ્કાર નહિ. ગુણાતીતસ્થિતિના સંતનાં લક્ષણોની વાત પણ અહીંયાં ભગવાન શ્રી કૃષ્ણ કહેવાના છે, પણ આપણે તો યોગીબાપાને જીવતા જાગતા જોયા છે. કોઈ અભાવ નહિ, કોઈ તિરસ્કાર નહિ, કોઈ જાકારો નહિ. ફરી એટલા જ ઉત્સાહથી પાણી આપે. અને યોગીબાપા જાહેરમાં એવું બોલેલા કે, 'આ દાસને આ બીડી છોડાવવા માટે અમે એટલું પાણી આપ્યું છે કે, રેલો છેક ગંગામાં મળે.' તમે વિચાર કરો, એ ગુરુ-શિષ્યનો સંબંધ કેવો હશે ! કોઈનું નહિ જોવાનું, આપણે આપણું જ તળ તપાસવાનું અને આપણું જ કરી લેવાનું ; આ સિદ્ધાંત સમજવા જેવો છે.

તે સમયે આણંદ સ્ટેશનથી યોગીબાપા અમદાવાદ, વડોદરા, મુંબઈ તરફ જવા માટે ટ્રેઈનમાં મુસાફરી કરતા. દાસનો નિયમ કે, એમને ખબર પડે કે યોગીબાપા અહીંયાંથી પ્રવાસ કરી રહ્યા છે એટલે નવી ઢોચકી લે, એને વીંછળી, ગળણું બાંધીને ગાળીને ઠંડું પાણી લઈને ટ્રેઈન ઉપર યોગીબાપાને પાણી પિવડાવવા માટે આણંદ સ્ટેશને હાજર થઈ જાય. આણંદ સ્ટેશને ત્રણ મિનિટ ટ્રેઈન ઊભી રહે. એ દરમિયાન સેંકડો ભક્તો પ્લૅટફૉર્મ પર યોગીબાપાનાં દર્શન કરતા હોય, જયજયકાર કરતા હોય અને એ દરમિયાન યોગીબાપા દાસ જોડે વાત કરે કે, 'દાસ કેવું ?' તો દાસ કહે કે, 'ચાલુ.' એટલે દાસ યોગીબાપાને પાણી પિવડાવવા જે માટલી લાવ્યા હોય અને તેમાં જે પાણી વધ્યું હોય એ જ પાણી દાસને આપીને રૅલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ પર પણ પેલી ખાખી બીડી છોડવાનો સંકલ્પ યોગીબાપા કરાવે. મેં મારી આંખે આ જોયેલું છે. અને પછી ટ્રેઈન ઊપડે, પણ દાસની મિલ ચાલુ !

આગળ મેં એક શ્લોક વાંચ્યો એમાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે, 'બધાને હું મારા જેવા માનું છું, બધાને હું મારા જેવા દેખું છું.' આ સ્થિતિ યોગીબાપાની હતી કે, મારા ગુરુ શાસ્ત્રીજીમહારાજની કૃપાથી, ઈષ્ટદેવ સ્વામિનારાયણની કૃપાથી જો હું નિર્દોષ, તો મારી સામે જે આવે છે તે બધા જીવનમુક્તો પણ નિર્દોષ છે. અને એવા ભાવથી યોગીબાપાએ એમની સાથે વ્યવહાર કર્યો. કાળક્રમે અમે 'બ્રહ્મજ્યોતિ'ની જમીન લીધી. જમીન પર ઓરડીઓ બાંધી. અને ત્યાં સેવાના કામ માટે સાહેબદાદાએ દાસકાકાને બ્રહ્મજ્યોતિના સેવક તરીકે મોગરી જમીન પર રાખ્યા, અને દાસની ખાખી ક્યારે છૂટી ગઈ તે તો ઠીક છે, પણ દાસનો સંસાર, પત્ની, સંતાનો, શાકભાજીનો વેપાર એ બધું ક્યારે છૂટી ગયું તેનો કોઈ ખ્યાલ જ રહ્યો નહિ; આ જીવનમુક્ત છે !

અધૂરું પૂરું કરવા આવ્યો હોય ને સાથે આવું કશુંક પ્રકૃતિ અનુસાર વળગેલું હોય, ને એની ક્રિયા જોઈને આપણે સ્ટેટમૅન્ટ કરીએ. તો હજુ આપણો કચરો તો આપણે સાફ કરી શક્યા નથી ને પાછો નવો કચરો ઘાલીએ ; તેમ છતાં ભગવાન ચાબખે ચાબખે મારતા નથી એટલે આપણે તેમને દયાળુ,

કૃપાળુ, દયાનિધિ, કૃપાનિધિ કહીએ છીએ ! ભગવાન આ કર્મની વાત અર્જુનને પણ સમજાવે છે. *જેમનું મન સમત્વભાવમાં સ્થિર છે તેમણે આ જીવનમાં જ સંસાર જીત્યો છે. બ્રહ્મ, નિર્દોષ અને સમભાવી છે, તેથી તેઓ બ્રહ્મમાં જ સ્થિર થાય છે.* આપણે આવાં સ્વરૂપોને બ્રહ્મસ્વરૂપ કહીએ છીએ. અને આપણા સમયમાં તેઓ આપણી વચ્ચે છે એટલે એમને પ્રગટ અને પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ કહીએ છીએ. અને એ વાત કે, *જેમની બુદ્ધિ ઈશ્વરમય છે, જેમનું મન ભગવાનમાં તન્મય છે, અને જે ભગવાનમાં જ સ્થિર છે; તેને જ સર્વસ્વ માનનારા છે, જેમનાં પાપ જ્ઞાનથી ધોવાઈ ગયાં છે, એવા ભક્ત જન્મ-મરણના ફેરામાંથી છૂટી જાય છે.* અને મને કહેતાં આનંદ થાય છે કે, એ પુરુષોત્તમદાસના અંતિમસંસ્કારની સેવા કરવાનો લાભ અમને મળ્યો, કારણ કે, તેમણે બ્રહ્મજ્યોતિ પર એમનું શરીર છોડ્યું. ક્યાં જન્મ્યા હતા ? શું કરતા હતા ? કેવા હતા ? તે કશું મહત્ત્વનું રહ્યું નહિ, અને એમની અંતઘડીએ સંતોના હાથે એમના અંતિમસંસ્કાર થયા. કેટલું સદ્‌ભાગી શરીર ! જીવ તો કેવો ? કે શિવ થઈ ગયો. બીડી તો છૂટતાં છૂટે, પણ સંસાર છૂટી ગયો. બહુ અઘરું છે બધું છોડીને મંદિરમાં આવીને રહેવું અને એમાંય સાધુઓની જમાત ભેગું રહેવું તે તો બહુ જ અઘરું છે, તે તો રહો તો ખબર પડે ! સંસારીઓ સંસારીઓની સાથે રહે તો સુમેળ થઈ જાય, ગોઠવાઈ જાય; પણ સાધુઓની જમાત વચ્ચે જો કોઈ સંસારીએ રહેવું હોય તે તો બહુ અઘરું છે. અને ધન્ય છે કે, એવા અનેક અક્ષરમુક્તો છે ! એટલે કોઈની ક્રિયા જોઈને કશું મૂલ્યાંકન કરાય નહિ, મારા ભાઈ ! આટલું લઈને જશો તોય બસ છે. જો આપણે 'ફલાણો આવો ને ફલાણો તેવો' તેવું કરતા હોઈએ ને પછી ભલેને 'ગીતા'ના પાઠ કરીએ પણ ક્યાંથી તે આપણને સદે ને ક્યાંથી તે પચે ?

'ગીતા'માં ભગવાને બધાં અંગોવાળાના જવાબ આપ્યા છે. જ્ઞાનવાળાને જ્ઞાનની રીતે, પ્રેમવાળાને પ્રેમની રીતે અને શ્રદ્ધા ને વિશ્વાસવાળાને એમની રીતે ભગવાને જવાબ આપ્યા છે. અર્જુનના માધ્યમ દ્વારા અનેક શંકાઓ-આશંકાઓ-કુશંકાઓ કરવામાં આવી છે, પણ ભગવાને કેટલી શાંતિથી પ્રશ્નોત્તર કર્યા હશે ! નહિતર એમની પાસે સુદર્શન ચક્ર હતું, તે બતાવ્યું હોત ને કહ્યું હોત કે, 'હું કહું છું તેમ સીધેસીધો કરવા માંડ નહિતર આ ચક્ર જો.' પરંતુ, આ બધી આપણી ભાષા છે. આપણે કોઈને સહન કરી શકતા નથી, કોઈની સાથે સંવાદિતા સ્થાપી શકતા નથી. પણ આવા સમર્થ ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનની વાત શાંતિથી સાંભળે છે અને એની સઘળી શંકાઓનાં જુદી જુદી રીતે સમાધાન કરે છે. આપણે આવા છીએ, એટલે મેં કાલે કહ્યું હતું કે, અર્જુન એ આપણે છીએ.

*જેમનું મન સમત્વભાવમાં સ્થિર છે તેમણે આ જીવનમાં સંસાર જીત્યો છે. બ્રહ્મ, નિર્દોષ અને સમભાવી છે, તેથી તેઓ બ્રહ્મમાં જ સ્થિર થાય છે. પ્રિય મળતાં જે હરખાતો નથી, અપ્રિય મળતાં ઉદ્વેગ નથી કરતો, એવો સ્થિર બુદ્ધિવાળો, મૂઢતા મુક્ત, બ્રહ્મજ્ઞાની મનુષ્ય બ્રહ્મમાં સ્થિર છે. બહારના વિષયોથી જે અનાસક્ત છે, અને અંતઃકરણમાં ભગવાનની ભક્તિનું સુખ અનુભવે છે, એવો બ્રહ્મપરાયણ યોગમાં રત મનુષ્ય અવિનાશી સુખને માણે છે.*

અવિનાશી સુખ - ભગવાનની મૂર્તિનું સુખ, ભગવાનના સંબંધનું સુખ, ભગવાનની વાણીનું સુખ. વિષયી જીવ પાંચેય ઇન્દ્રિયોનું જે સુખ ભોગવવાની લાલસાથી જીવતો હતો એની પાંચેય ઇન્દ્રિયોના માધ્યમથી એ ભગવાનનું સુખ જ્યારે ભોગવવા માંડે છે ત્યારે એ અવિનાશી સુખ બની જાય છે. આપણાં સંત બહેનોએ એક અદ્‌ભુત કીર્તન બનાવ્યું છે. 'જુદી જાતલડી રે, શ્યામજી છે પંડે રસિકડા.' એમાં પાંચેય ઇન્દ્રિયોને ભગવાનનો સંબંધ થાય તો શું થાય તે વાત સરસ જણાવી છે. એને જોયા પછી બીજું જોવાનું આળસ્યું, એણે આપેલું પુષ્પ સુંઘ્યા પછી બીજું સૂંઘવાનું આળસ્યું, એને અડ્યા પછી બીજે અડવાનું આળસ્યું અને એણે આપેલો પ્રસાદ જમ્યા પછી બીજું જમવાનું આળસ્યું. રસ, ગંધ, કર્ણ, સ્પર્શ આદિ સઘળી ઇન્દ્રિયો પ્રભુનો સ્પર્શ પામી તો અવિનાશી સુખ પ્રાપ્ત થયું. ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા પંચવિષયનું સુખ જે આપણે લઈએ છીએ તે અંતે તો દુઃખનું દેનારું છે, દુઃખ પાછળ જ ઊભું છે. જ્યારે પ્રભુની મૂર્તિસંબંધી, પ્રભુના સંબંધે સંબંધી જે સુખ છે તે અવિનાશી સુખ છે. કારણ કે, એની પાછળ દુઃખ છે જ નહિ. આજ દિવસ સુધી ભગવાનનાં દર્શન કરીને કોઈ દુઃખી થયો હોય એવો કોઈ ભગત તમને મળ્યો છે ? પણ મૂવી જોઈને બહાર નીકળેલા એવા અનેક યુવાનોને જોયા છે અને કહેતા સાંભળ્યા છે કે, 'સાલા પૈસા પડી ગયા, ત્રણ કલાક ખોટા ગયા.' આમ જોવા જઈએ તો મૂવીમાં નેત્રનું, કર્ણનું, સ્પર્શનું બધું સુખ મળે છે પણ એ સુખ દુઃખદાયક છે. જ્યારે પ્રભુની મૂર્તિનું જે સુખ છે તે અવિનાશી છે. ભગવાનની મૂર્તિ, ભગવાનનું સુખ અને ભગવાનસંબંધી જે થયું, ભગવાનને અર્થે, પરમાર્થ કે પરોપકારને અર્થે જે કંઈ પણ કર્યું તે ભગવાનને ચોપડે લખાઈ ગયું તેમ કહેવાય છે. અને જે ભગવાનને ચોપડે લખાઈ ગયું તે અવિનાશી થઈ ગયું.

જેણે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યા છે, એવો મોક્ષ પરાયણ મુનિ કે જેની ઇચ્છા, ભય અને ક્રોધ મટી ગયાં છે, એ સદાય મુક્ત જ છે.

મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારના ભાવને જીતવાની વાત કહે છે. મુનિ - મનની અંદર જ અંતર્દૃષ્ટિ કરીને સતત જે જાગ્રતતાથી જીવી રહ્યો છે તે મુનિ કહેવાય. પ્રભુની ધારણા કરીને તપશ્ચર્યા કરી રહ્યા છે એમને મુનિ કહ્યા. આપણા મનની અંદર શી ગડબડ ચાલે છે તે તો તપાસો તો ખબર પડે. પણ આપણે બીજાના મનમાં શી ગડબડ ચાલી રહી છે તે જોતા હોઈએ છીએ. મારે મારા મનની અંદર જોવાનું છે અને એવા મુનિ થવાનું છે. મોક્ષને પરાયણ છે એટલે કે, મોક્ષની ઇચ્છાવાળા છે, મોક્ષને માર્ગે પડેલા છે, એની પાછળ જ લાગેલા છે એવા મોક્ષ પરાયણ મુનિ કે જેમની ઇચ્છા, ભય અને ક્રોધ મટી ગયાં છે; તે સદાય મુક્ત છે. ◆

*(ક્રમશઃ)*